# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-05-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: WEDNESDAY** **National News**

**નમસ્કાર,આકાશવાણી,**

OPENING SIGNATURE TUNE

સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

**મુખ્ય સમાચાર**

**(મ્યુઝિક અંડરપ્લે)**

1) ચીન દ્વારા અરૂણાચલ પ્રદેશના કેટલાંક વિસ્તારોના નવા નામકરણ સામે ભારતે સખત વિરોધ નોંધાવ્યો.

2) અજાણતા પાકિસ્તાની હદમાં જતા રહેલા BSFના જવાન ભારત હેમખેમ પરત ફર્યા.

3) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ 'ઑપરેશન સિંદૂર' દરમિયાન ભારતીય સેનાની ત્રણેય પાંખના અદભૂત સાહસ અને સંકલનની પ્રશંસા કરી.

4) ન્યાયાધીશ બી. આર. ગવઈએ ભારતના 52મા મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે શપથગ્રહણ કર્યા.

5) થાઈલૅન્ડ ઑપનમાં ભારતીય ખેલાડી આકારશી કશ્યપ અને ઉન્નતિ હુડ્ડા પ્રિ-ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યા.

...............................................................................

સમાચારને અંતે

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# MEA-CHINA ARUNACHAL

અરૂણાચલ પ્રદેશમાં કેટલાક સ્થળોને નવા નામ આપવાનાં ચીનનાં સતત પાયાવિહોણા અને હાસ્યાસ્પદ પ્રયાસને ભારતે સ્પષ્ટપણે ફગાવી દીધા છે. પત્રકાર પરિષદને સંબોધતા વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, આવા પગલા સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે અને ભારતના સુસંગત અને સૈદ્ધાંતિક વલણના પ્રત્યક્ષ વિરોધમાં છે.

શ્રી જયસ્વાલે ભારપૂર્વક જણાવ્યું કે, ગમે તેટલા સર્જનાત્મક નામકરણ ભારતના સ્પષ્ટ અને સત્યને બદલી ન શકે અને અરૂણાચલ પ્રદેશ ભારતનું અવિભાજ્ય અને અભિન્ન હિસ્સો છે અને રહેશે.

# REV. PUNJAB - BSF JAWAN- RETURNED

ગત 23 એપ્રિલના રોજ પંજાબના ફિરોઝપુર સેક્ટરમાં અજાણતા આંતરરાષ્ટ્રીય સરહદ પાર કર્યા બાદ પાકિસ્તાન રેન્જર્સ દ્વારા ધરપકડ કરાયેલા બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) ના જવાન, પૂર્ણમ કુમાર શો, આજે સવારે પાકિસ્તાનથી ભારત પરત ફર્યા છે.

BSF ના સૂત્રોએ અમારા જલંધર સંવાદદાતાને આ ઘટનાની પુષ્ટિ કરતાં જણાવ્યું છે કે શ્રી પૂર્ણમ કુમારને અમૃતસરમાં અટારી જોઈન્ટ ચેક પોસ્ટ દ્વારા સોંપવામાં આવ્યા હતા. સોંપણી શાંતિપૂર્ણ રીતે અને સ્થાપિત પ્રોટોકોલ અનુસાર કરવામાં આવી હતી. જ્યારે અટકાયત કરવામાં આવી ત્યારે તેઓ સરહદ પર કામ કરતા ખેડૂતોનું રક્ષણ કરવાની ફરજ બજાવતાં હતાં.

# PREZ- FORCES CHIEF

ભારતના ચીફ ઓફ ડીફેન્સ સ્ટાફ અને સૈન્યની ત્રણે પાંખઓના વડાઓએ રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી હતી. આ બેઠકમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ, જનરલ અનિલ ચૌહાણ, લશ્કરના વડા ઉપેન્દ્ર દ્વિવેદી, હવાઈ દળના વડા એર ચીફ માર્શલ એ પી સિંહ અને નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે ત્રિપાઠીએ આજે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને ઓપરેશન સિંદૂર વિશે માહિતગાર કર્યા હતા.

સોશિયલ મીડિયા સંદેશમાં, રાષ્ટ્રપતિએ સશસ્ત્ર દળોની બહાદુરી અને સમર્પણની પ્રશંસા કરતાં જણાવ્યું કે આતંકવાદ સામે ભારતના પ્રતિભાવને સફળ બનાવવામાં સંરક્ષણ દળોએ મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે.

# PUNJAB LIQURE DEATH

પંજાબમાં ઝેરી કેફી દ્રવ્ય પીવાના કારણે મૃત્યુ પામનારા લોકોની સંખ્યા વધીને 23 થઈ છે. હૉસ્પિટલમાં દાખલ 13 લોકોની હાલત ગંભીર છે. અમૃતસરના સિવિલ તબીબ ડૉક્ટર કિરણદીપે આ અંગે માહિતી આપતા કહ્યું, મજીઠા અને થ્રેવાલ વિસ્તારના સાત ગામમાં ઘરે-ઘરે જઈને તપાસ કરવામાં આવી છે.

# UPSC-CHAIRMAN

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ડૉ. અજય કુમારને સંઘ લોક સેવા આયોગ UPSC ના અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા છે. કાર્મિક અને તાલીમ વિભાગનાં જાહેરનામા અનુસાર, ડૉ. કુમારનો કાર્યકાળ તેઓ કાર્યભાર સંભાળશે તે દિવસથી શરુ થશે.  ડૉ. કુમાર કેરળ કેડરની 1985ની બેચના નિવૃત્ત ભારતીય વહીવટી સેવા અધિકારી છે. તેમણે અગાઉ ઓગસ્ટ 2019થી ઓક્ટોબર 2022 સુધી સંરક્ષણ સચિવ તરીકે સેવા આપી હતી.

# CJI GAVAI OATH

ન્યાયાધીશ ભૂષણ રામકૃષ્ણ ગવઈએ આજે દેશના 52મા મુખ્ય ન્યાયમુર્તિ તરીકે શપથ ગ્રહણ કર્યા. રાષ્ટ્રપતિ ભવન ખાતે આજે સવારે યોજાયેલા વિશેષ સમારોહમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ શ્રી ગવઈને શપથ લેવડાવ્યા હતા. ન્યાયાધીશ ભૂષણ રામકૃષ્ણ ગવઈએ ગઈકાલે નિવૃત્ત થયેલા ન્યાયમુર્તિ સંજીવ ખન્નાનું સ્થાન લીધું છે. ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય મંત્રીઓ અને સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશો સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ શપથગ્રહણ સમારોહ યોજાયો હતો.

## (BYTE: GAVAI OATH)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# DAY BADMINTON THAILAND OPEN

બેંગકોકમાં યોજાયેલી થાઈલેન્ડ ઓપનમાં આજે સવારે ભારતીય ખેલાડી આકારશી કશ્યપ અને ઉન્નતિ હુડ્ડા પ્રભાવશાળી જીત સાથે પ્રિ-ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યાં છે. મહિલા સિંગલ્સ રાઉન્ડ ઑફ 32માં આકારશી કશ્યપે જાપાનનાં કાઓરુ સુગિયામા સામે વિજય મેળવ્યો. જ્યારે ઉન્નતી હુડ્ડાએ ત્રણ રમતના બીજા તીવ્ર મુકાબલામાં થાઈલેન્ડનાં થામોનવાન નીતિત્તિકરાયને હરાવ્યાં.

મેન્સ સિંગલ્સમાં 32મા રાઉન્ડમાં વિશ્વના 18મા ક્રમાંકના ખેલાડી લક્ષ્ય સેનનો વિશ્વના 34મા ક્રમાંકના આયર્લેન્ડના ખેલાડી ન્હાત ન્ગુયેન સામે પરાજય થયો હતો.

# KHELO INDIA BIHAR

બિહારમાં ખેલો ઇન્ડિયા યૂથ ગેમ્સનું આવતીકાલે સમાપન થશે. ચાર મે-થી શરૂ થયેલી આ રમતોનો આજે 11-મો દિવસ છે. મહારાષ્ટ્ર-એ આજે સવારે એક સુવર્ણ અને એક રજત ચંદ્રક જીત્યો. આ સાથે જ તે પૉઈન્ટ ટેબલમાં ટોચના સ્થાને છે. સાંભળીએ અમારા સંવાદદાતા મુકેશકુમારનો અહેવાલ..

(BYTE : MUKESH KUMAR )

# SAFF U19 C'SHIP

ફૂટબોલમાં યજમાન ભારતે ગઈકાલે અરુણાચલ પ્રદેશના યુપિયામાં નેપાળને 4-0 થી હરાવીને S.A.F.F અંડર-19 ચેમ્પિયનશિપના ગ્રુપ બીમાં ટોચનું સ્થાન મેળવ્યું હતું. રોહેન સિંહ ચાપામાયુમે બે ગોલ કર્યા હતા, જ્યારે ઓમંગ ડોડમ અને ડેની મેઇતેઈએ એક-એક ગોલ કર્યો હતો, જેમાં ભારતે દરેક હાફમાં બે-બે ગોલ કર્યા હતા. ભારતે બે મેચમાં છ પોઇન્ટ અને 12 ગોલના અંતર સાથે ગ્રુપ સ્ટેજનું સમાપન કર્યું હતું..

ત્રણ પોઈન્ટ સાથે નેપાળ પણ ગ્રૂપમાં ઉપવિજેતા રહ્યું હતું. શુક્રવારે સેમિફાઇનલમાં ભારતનો સામનો ગ્રુપ એ માં બીજા ક્રમે રહેલા માલદીવ સામે થશે, જ્યારે ગ્રુપ એ ના વિજેતા બાંગ્લાદેશનો સામનો નેપાળ સામે થશે.

# CANADA-NEW CABINET

કેનેડાની સરકારમાં ભારતીય મૂળના સાંસદોનું મહત્વ વધુ છે. કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્નેએ તેમના નવા મંત્રીમંડળમાં અનિતા આનંદને વિદેશ પ્રધાનના મહત્વપદ પર નિયુક્ત કર્યા છે. તેમણે મનીન્દર સિદ્ધુને આંતર-રાષ્ટ્રીય વેપાર મંત્રી તરીકે અને ભારતીય મૂળના બે અન્ય લોકોને મંત્રીઓની સમકક્ષ એવા રાજ્ય સચિવ તરીકે નિયુક્ત કર્યા છે. 28 મંત્રીઓના નવા મંત્રીમંડળની જાહેરાત કરતા, કાર્નેએ નવા વિચારો, સ્પષ્ટ ધ્યાન અને નિર્ણાયક પગલાં લેવા સૂચના આપી હતી..

# PAK COMMISSIONER - BANGLADESH

બાંગ્લાદેશના અગ્રણી દૈનિક, પ્રથમ આલોના અહેવાલ અનુસાર બાંગ્લાદેશમાં પાકિસ્તાનના હાઈ કમિશનર, સૈયદ અહેમદ મારૂફ અચાનક રજા પર ઉતરી ગયા છે, જેના કારણે રાજદ્વારી વર્તુળો અને સોશિયલ મીડિયામાં વિવિધ અટકળો શરૂ થઈ છે. સૈયદ મારૂફ 11 મેના રોજ સવારે ઢાકાથી દુબઈ થઈને ઇસ્લામાબાદ ગયા હતા. મંગળવારે પ્રથમ આલો સાથે વાત કરતા વિદેશ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર, તે જ દિવસે, ઢાકામાં પાકિસ્તાન હાઈ કમિશને બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયને તેમના પ્રસ્થાનની ઔપચારિક જાણ કરી હતી.

ઢાકામાં રાજદ્વારી સૂત્રોએ સંકેત આપ્યો કે, કેટલાંક વિવાદોને કારણે હાઈ કમિશનરને તાત્કાલિક પાછા બોલાવવામાં આવ્યા હતા, એમ ઢાકા સ્થિત અન્ય એક દૈનિક, ડેઇલી સને અહેવાલ આપ્યો છે.

# MORN. NIA- ARREST

રાષ્ટ્રીય તપાસ એજન્સી, N.I.A. એ મણિપુરના પ્રતિબંધિત આતંકવાદી જૂથો સાથે સંકળાયેલા બે લોકોની ધરપકડ કરી છે. ગયા વર્ષે નવેમ્બરમાં મણિપુરના જિરીબામ જિલ્લામાં એક મહિલાની ક્રૂર હત્યા અને ઘરોને સળગાવીને અને લૂંટમાં સંડોવણી બદલ આ ધરપકડ કરી હોવાની NIA એ માહિતી આપી હતી..

બિષ્ણુપુર જિલ્લાનો રહેવાસી આરોપી નોંગથોમ્બમ મીરાબા બળવાખોર જૂથ-યુનાઇટેડ નેશનલ લિબરેશન ફ્રન્ટનો હતો, જયારે અન્ય આરોપી, મણિપુરના થૌબલ જિલ્લાનો સગોલસેમ સનાતોંબા અન્ય એક બળવાખોર સંગઠન કાંગલેઈ યાવોલ કન્ના લુપનો સભ્ય હતો અને તે હત્યાકાંડમાં સામેલ હતો. આ બંને આરોપી 17 મે સુધી NIA ની કસ્ટડીમાં છે અને તેમની પૂછપરછ થઇ રહી છે..

# MANDAVIYA NSS MEETING

કેન્દ્રિય રમતગમત અને યુવા બાબતોના મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ યુવાનોને સલામતી અને દેશ માટે વિવિધ સેવાઓ સાથે જોડાવવા પર ભાર મૂક્યો. ગઈકાલે રાષ્ટ્રીય સેવા યોજનાના અધિકારીઓની બેઠકને ઑનલાઈન સંબોધતા શ્રી માંડવિયાએ વર્તમાન વૈશ્વિક પડકાર મામલે સેવાને નવી રીતે વ્યાખ્યાયિત કરવાનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવક તરીકે પણ પોતાનો અનુભવ જણાવ્યો.

મહારાષ્ટ્રના ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ મંત્રી ચંદ્રકાન્ત પાટીલે કહ્યું, રાષ્ટ્રીય સેવા યોજના સાથે જોડાયેલી યુનિવર્સિટીમાં ભણતા યુવાનો અને વિદ્યાર્થીઓએ નાગરિક સંરક્ષણ યોદ્ધા તરીકે 'માય ભારત પૉર્ટલ' પર નોંધણી કરાવવી જોઈએ, જેથી દેશ સેવાનું સ્વપ્ન પૂર્ણ કરી શકાય. તેમણે કહ્યું, આ નોંધણી જિલ્લા સ્તર પર થશે અને જિલ્લા અધિકારી કચેરીમાં આ અંગે જરૂરી માહિતી પૂરી પડાશે. શ્રી પાટીલે કહ્યું, આપત્તિ કે યુદ્ધની સ્થિતિમાં નાગરિક સુરક્ષા યોદ્ધાઓની સહાય માગી શકાય છે.